# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩





### ખેડા જિલ્લામાં જુલાઇ પૂર્ણ થવા આવ્યો છતાં વાવણી લાયક વરસાદ ન થતાં અનેક ગામોમાં જગતના તાતે વાવણી માંડી વાળી

# ખેડામાં ઓછા વરસાદથી ખેડૂતોમાં ચિંતા ઘેરાઇ

**ગત વર્ષ કરતા આ** સિઝનમાં સરેરાશ 45 ટકા જેટલો ઓછો વરસાદ થવાથી ડાંગરના પાક પર માઠી અસરની ભીતિ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

ખેડા જિલ્લામાં વર્ષ 2023 અને 2024ના જુલાઈ માસના અંત સુધીના વરસાદી આંકડા મુજબ ચાલુ સિઝનમાં 45 ટકા ઉપરાંત વરસાદની ઘટ છે. જુલાઈ, 2023માં જિલ્લાના 10 તાલુકાઓનો કુલ વરસાદ 4637 મીમી નોંધાયો હતો, જે આ વર્ષે એટલે કે, જુલાઈ-2024માં 10 તાલુકાઓમાં માત્ર 2504 મીમી જ નોંધાયો છે. ચાલુ સિઝનમાં વરસાદ ઓછો પડતા ધરતીપૂત્રો ચિંતિત છે. ખાસ કરીને ખેડા જિલ્લાના પાંચેક તાલુકા તો ડાંગરના પાક માટે ખૂબ જાણીતા છે, તેવા સમયમાં ઓછા વરસાદના પગલે ડાંગરના પાકની યોગ્ય ઉપજ નહીં મળે તેવા ભણકારા છે. તેમાંય હાલ એ તબક્કો ચાલી રહ્યો છે, જ્યારે પુષ્કળ પ્રમાણમાં ડાંગરને પાણીની જરૂરીયાત હોય છે. ત્યારે ખેડૂતો હાલ તો પાણી આસપાસના કુવાઓ અને ખાનગી સ્થળોથી વેચાણ લેવા માટે મજબૂર બન્યા છે. વર્ષ 2023માં જુલાઈ માસના અંત સુધી ખેડા જિલ્લાના કઠલાલ, કપડવંજ, ખેડા, ગળતેશ્વર, ઠાસરા, નડિયાદ, મહુધા, મહેમદાવાદ, માતર અને વસો તાલુકામાં પુષ્કળ પ્રમાણમાં વરસાદ હતો. ગઈ સિઝનમાં તમામ તાલુકાઓમાં



સરેરાશ 15થી 20 ઈંચ વરસાદ નોંધાયો હતો અને તેના કારણે પાણીની આવક પણ વધારે હોય, ખેડૂતો માટે ખૂબ સારી સિઝન રહી હતી. ચાલુ વર્ષે 2024ની ચોમાસુ સિઝનમાં તમામ તાલુકાઓમાં સરેરાશ માત્ર 6થી 12 ઈંચ વરસાદ પડ્યો છે. જુલાઈ માસ તેના અંતિમ દિવસોમાં છે અને હજુ સુધી પ્રમાણસરનો વરસાદ ન હોવાથી ખેડૂતો મુંઝાયા છે. એકતરફ ડાંગરનું માતબર વાવેતર કરાયુ છે, ત્યારે વરસાદની ઘટ્ટના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

### 120 પ્રતિ કલાક ચુકવી પાણી લેવુ પડે છેઃ નરસિંહભાઈ પરમાર, ખેડૂત

ડાંગરના પાકનું 12 વિઘા જમીનમાં વાવેતર કર્યુ છે. ડાંગરના પાકને જો વરસાદનું પાણી યોગ્ય પ્રમાણમાં મળી રહે તો ઉત્પાદન ખૂબ સારૂ મળે છે અને એટલુ જ નહીં, સારા ઉત્પાદનની સાથે ચોખાની ગુણવત્તા અને મીઠાસ પણ જળવાઈ રહે છે. હાલ વરસાદ ખૂબ ઓછો છે અને વાવેતર કરેલુ છે અને સારા ઉત્પાદન માટે પાણીની જરૂરીયાત હોવાછી નજીકના કુવાથી પાણી લાવવાની જરૂરીયાત ઉભી થઈ છે, જ્યાં 120 રૂપિયા પ્રતિ કલાક ચુકવી અને પાણી હાલ ડાંગરને આપી રહ્યા છે.

### મહેમદાવાદના અનેક ગામોમાં પાણીનો પ્રશ્ન

વાંઠવાળી, હલધરવાર, ઘોડાલી, સોજાલી સહિત અન્ય કેટલાય આંતરીયાળ ગામોની કેનાલો કોરીખટ છે. અહીંયા ડાંગર અને બાજરી સહિતના પાકો માટે પુરતુ પાણી મળી નથી રહ્યુ. આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો થઈ છે, પરંતુ તંત્રએ હજુ સુધી પાણી ન છોડ્યુ હોવાનું જાણવા મળી રહ્યુ છે. પરંતુ જો સમયસર પાણી નહીં મળે તો ખેડૂતોનો પાક નિષ્ફળ જશે. **- ભરત સોઢા, ખેડૂત**

### જો ત્વરીત પાણી નહીં મળે તો ડાંગરના પાકને નુકસાન

ખેડૂતો આલમમાં ચાલી રહેલી ચર્ચા મુજબ ડાંગરના પાકને સમાયાંતરે પાણી આપવુ જરૂરી છે. ત્યારે જૂન માસ અને જુલાઈની શરૂઆતમાં પુરતુ પાણી આપ્યા બાદ મહિનો પૂરો થવા આવ્યો છતાં પુરતો વરસાદ ન પડતા ખેડૂતોને પાણી માટે વલખાં મારવાનો વખત આવ્યો છે. જુલાઈમાં એકવાર ડાંગરને પાણીનો જથ્થો આપ્યા પછી ફરી ખેડૂતો અત્યાર સુધી પાણી આપી શક્યા નથી. જેથી ડાંગરના પાકને નુકસાન થવાના ભણકારા છે.

# ખેડા જિલ્લામાં ચાંદીપુરમ વાયરસે પંજો કસ્યો : વધુ 3 બાળકો ઝપેટમાં આવ્યાં

**બિલોદરા, ભાનેર** અને મિત્રાલમાં નવા કેસ નોંધાતા આરોગ્ય તંત્રએ કામગીરી આરંભી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

ખેડા જિલ્લાના 3 તાલુકાના ગામોમાં આજે વધુ 3 ચાંદીપુરમના શંકાસ્પદ કેસ નોંધાતા ચકચાર મચી છે. નડિયાદ, વસો અને કઠલાલ તાલુકામાં નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ કુલ કેસની સંખ્યા 11 પર પહોંચી છે અને અત્યાર સુધી 2ના મોતની પુષ્ટિ થઈ છે. આજે નવા કેસના પગલે સબંધિત વિસ્તારોમાં આરોગ્ય વિભાગે સર્વે સહિતની કામગીરી આરંભી છે.

મળતી માહિતી મુજબ આજે નડિયાદના બિલોદરા ગામમાં 6 વર્ષિય બાળક ચાંદીપુરમના ભરડામાં આવ્યુ છે, જે હાલ નડિયાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ છે. તો આ તરફ વસોના મિત્રાલમાં 3 વર્ષિય બાળકમાં ચાંદીપુરમના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે. તે પણ હાલ નડિયાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તો ત્રીજો કેસ કઠલાલના ભાનેર ગામમાં સામે આવ્યો છે, જ્યાં 3 વર્ષિય બાળકમાં ચાંદીપુરમના લક્ષણો જોવા મળ્યા છે અને તેને અમદાવાદની બી.જે.મેડીકલમાં સારવાર માટે ખસેડાયુ છે. ગઈકાલે 2 નવા કેસ બાદ આજે અચાનક 3 નવા કેસ આવતા આરોગ્ય વિભાગ દોડતુ થયુ છે. એક બાદ એક બાળકોમાં આ વાયરસના લક્ષણોના પગલે નાગરીકોમાં પણ ચિંતાની લાગણી પ્રસરી છે. આ તરફ અત્યાર સુધી ચાલુ સિઝનના ખેડા જિલ્લામાં કુલ 11 જેટલા શંકાસ્પદ ચાંદીપુરમના કેસ સરકારી ચોપડે નોંધાયા છે, તો ગળતેશ્વર અને મહેમદાવાદના 2 બાળકોના મૃત્યુની પુષ્ટિ થઈ છે. જેના કારણે હડકંપ મચી ગયો છે. આ તરફ નવા કેસોના પગલે સબંધિત ગામો અને વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સેમ્પલ લેવાની સાથે સર્વે પણ હાથ ધરાયો છે, ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા મકાનોની તિરાડો પૂરવાની સાથે ગંદકી ન થાય તે માટે તકેદારીના પગલાં પણ લેવામાં આવી રહ્યા છે.

ખેડા જિલ્લાના ગામડાંમાં ચાંદીપુરમ વાયરસ ધીમે ધીમે ગંભીર મામલો બની રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં 11 કેસ નોંધાયાં છે. તેમાં બેના શંકાસ્પદ મોતથી સ્થિતિ ગંભીર બની છે.

# નડિયાદમાં ડોક્ટરની બેદરકારીથી મહિલાનું મોત થતાં 3 માસની કેદ

**નડિયાદમાં** 21 વર્ષ પહેલા મહિલાનું મોત નિપજ્યું હતું

(પ્રતિનિધિ) નડિયાદ તા.26

નડિયાદ મહાગુજરાત હોસ્પિટલમાં ભાવનાબહેન (ઉ.વ.40)ને કુટુંબ નિયોજનનું (લેપ્રોસ્કોપી)નું ઓપરેશન કરવા માટે 15મી ડિસેમ્બર,2003ના રોજ દાખલ કરવામાં આવ્યાં હતાં. જોકે, ઓપરેશન દરમિયાન ડોક્ટરની બેદરકારીના કારણે પેટમાં અંદરના ભાગે કોઈ નસ કે અવયવને નુકશાન કરતા દર્દીનું મોત નિપજ્યું હતું. આ અંગે તેમના પતિ રમેશચંદ્ર લાલાણીની ફરિયાદ આધારે નડિયાદ શહેર પોલીસે ચિરાગ પ્રવિણચંદ્ર જોષી સામે ગુનો નોંધી તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.

આ કેસ નડિયાદના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકિલ આર.જી. શાસ્ત્રી જોડાયાં હતાં. તેઓએ 18 સાક્ષીઓ રજુ કર્યાં હતાં. સાત દસ્તાવેજી પુરાવા રજુ કરી દલીલ કરી હતી. જે ધ્યાને રાખી ન્યાયધિશે આઈપીસી કલમ 304 (અ) મુજબની કલમમાં ડો. ચિરાગ જોષીને કસુરવાર ઠેરવી 3 માસની કેદ તથા રૂ.50 હજારનો દંડ કરવાનો હુકમ કર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કર્યો હતો.

## વસોના પેટલી ગામમાંથી રિક્ષા ચોરાઇ

(પ્રતિનિધિ) સોજિત્રા તા.26

વસો તાલુકાના પેટલી ગામમાંથી રીક્ષા ચોરીનો બનાવ બન્યો હતો. આ અંગે સોજિત્રા પોલીસે ગુનો નોંધ્યો હતો.

વસોના પેટલી ગામમાં રહેતા યાસીન ઐયુબભાઈ વ્હોરા રીક્ષા ડ્રાઈવીંગનો વ્યવસાય કરે છે. દરમિયાનમાં 6ઠ્ઠી સપ્ટેમ્બર,2023ના રોજ રાતના દસેક વાગે યાસીનભાઈએ ઘર બહાર રીક્ષા નં.જીજે 23 ઝેડ 5418 પાર્ક કરી સુઇ ગયાં હતાં. જે બીજા દિવસે સવારે જોવા મળી નહતી. આ અંગે તપાસ કરવા છતાં રીક્ષાનો કોઈ અત્તો પત્તો મળ્યો નહતો. આખરે કોઈ શખ્સ રીક્ષા ચોરી કરી ગયો હોવાનું જણાયું હતું. આ અંગે સોજિત્રા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પેટલાદમાં સગીરા પર દૂષ્કર્મ ગુજારતાં 20 વર્ષની સખત કેદ

**મોરડ** ગામનો શખ્સ સગીરાને ભગાડી ગયો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.26

પેટલાદ તાલુકાના મોરડ ગામના શખ્સે પંથકની સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેને એક વર્ષ પહેલા ભગાડી ગયો હતો અને તેના પર દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ કેસમાં કોર્ટે તેને 20 વર્ષની કેદની સજા ફરમાવી હતી.

મોરડ ગામમાં રહેતો ચિરાગ ઉર્ફે ચીની મહેશ પરમારે પંથકની 15 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં તેને લગ્ન કરવાની લાલચ આપી 28મી મે, 2023ના રોજ સાંજના ભગાડી ગયો હતો. આ સગીરાને સુરકુવા તેના ફઈના ઘરે લઈ ગયો હતો. જ્યાં તેની મરજી વિરૂદ્ધ દૂષ્કર્મ ગુજાર્યું હતું. બાદમાં ઉત્તરસંડા સીમમાં બોરકુવાની ઓરડીમાં લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યું હતું. જોકે, મહેળાવ પોલીસે ચિરાગને પકડી પાડ્યો હતો. આ કેસ આણંદ જિલ્લાના સ્પેશ્યલ જજ (પોક્સો) ની અદાલતમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકિલ જે.એચ. રાઠોડની દલીલ, 12 સાક્ષી, 49 દસ્તાવજી પુરાવા રજુ કર્યાં હતાં. જે ન્યાયધિશે ધ્યાન પર લીધાં હતાં અને ચિરાગ ઉર્ફે ચીની મહેશભાઈ પરમારને કસુરવાર ઠેરવી 20 વર્ષની કેદ અને દંડ ઉપરાંત ભોગ બનનારને રૂ.50 હજારનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.

### કઇ કલમમાં કેટલી સજા પડી ?

- આઈપીસી - 363ના ગુનામાં 2 વર્ષની સખત કેદની સજા અને રૂ. 2 હજારનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા.
- આઈપીસી - 366ના ગુનામાં 5 વર્ષની સખત કેદની સજા અને રૂ.3 હજારનો દંડ. જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા.

પોક્સો કલમ - 6 અંતર્ગત 20 વર્ષની સખત કેદની સજા અને રૂ.25 હજારનો દંડ. જો દંડની રકમ ન ભરે તો વધુ છ માસની કેદની સજા.

# આણંદમાં આદિવાસી વિદ્યાર્થીઓને છાત્રાલયની વ્યવસ્થા ન મળતાં રોષ

**બે વર્ષથી આદીવાસી** વિદ્યાર્થીઓને મકાનની વ્યવસ્થા ના હોવાના બહાના હેઠળ પ્રવેશ બંધ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા 26

આણંદમાં આદીવાસી વિદ્યાર્થીઓને છાત્રાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવા માટે જાહેરાત કરવામાં આવે છે. પરંતુ ત્યારબાદ વિધાર્થીઓને પ્રવેશ ના મળતાં છેલ્લા બે વર્ષથી આદીવાસી વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. વર્તમાન



વર્ષે પણ આવી જ પરિસ્થિતિને કારણે આદીવાસી વિદ્યાર્થીઓને છાત્રાલયની વ્યવસ્થા મળી નથી જેથી વિદ્યાર્થી સંગઠનના અગ્રણી અલ્પેશ પૂરોહિતની આગેવાનીમાં વિધાર્થીઓ દ્વારા છાત્રાલય પ્રવેશ ફાળવવા માટે ઉગ્ર માંગ વ્યક્ત કરી છે.

આણંદ વિધાનગરની શૈક્ષણિક સંસ્થાઓ ખાતે આદીવાસી વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધેલ છે. શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે છતાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને છાત્રાલયની વ્યવસ્થા ઉપલબ્ધ ના થતા ખુબ જ હાલાકી ભોગવવી પડી રહી છે. સરકારી ધારાધોરણ મુજબ આદીવાસી વિદ્યાર્થીઓને છાત્રાલયની વ્યવસ્થા મળવા પાત્ર હોવા છતાં સ્થાનિક કક્ષાએ યોગ્ય સંકલન અભાવે ઓનલાઇન જાહેરાત છતાં પણ વિદ્યાર્થીનીઓને છાત્રાલય સુવિધા ઉપલબ્ધ થયેલ નથી. ત્યારે આવી વિકટ સ્થિતિના નિવારણ માટે ઉગ્ર માંગ વ્યક્ત કરવામાં આવી છે. વહેલી તકે આ બાબતે યોગ્ય નિરાકરણ નહીં આવે તો આદીવાસી વિદ્યાર્થીઓને થઈ રહેલ અન્યાય બાબતે જાગૃતિ લાવીને ન્યાય માટે લડત શરૂ કરવામાં આવશે.


## ચારુતર આરોગ્ય મંડળ
## ૫૩મો સ્થાપના દિવસ

પાંચ દાયકાની સ્વાસ્થ્ય સેવાની ધરોહર

GOLDEN ERA OF HEALTHCARE WITH INTEGRITY - CHARUTAR AROGYA MANDAL - SINCE 1972

અમારા સ્થાપક અધ્યક્ષ અને સ્વપ્નદૃષ્ટા સ્વ.ડૉ.એચ.એમ.પટેલના કંડારેલા પથને અનુસરી, તબીબી સેવાઓમાં વૃદ્ધિ કરવાની સાથે અમે શ્રેષ્ઠ સારવાર આપવા કટિબધ્ધ છીએ.




મંડળના આ સુવર્ણ અવસરે જરૂરતમંદ દર્દીઓને અપાતી સેવાઓમાં ઉમેરાય છે,

## હરિકૃપા ઔષધ સહાય

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ ઓ.પી.ડી.ના દદીઓ માટે :

- કાયમી બીમારીઓની દવાઓ પર ૭૦% સુધી ડિસ્કાઉન્ટ
- ટાઈપ-૧ તથા સગર્ભાવસ્થાના ડાયાબિટીસ અને હાઈપરટેન્શન માટે (હાઇ બીપી માટે)



### ગત વર્ષની મુખ્ય સિધ્ધિઓ



અમૃતા પટેલ સેન્ટર ફોર પબ્લિક હૅલ્થનો પ્રારંભ



નવું અદ્યતન લિનિયર એક્સિલરેટર : કૅન્સર સારવાર માટે



પૅટ - સીટી સ્કૅન : કૅન્સર, હૃદય અને ન્યૂરોની તકલીફોના નિદાન માટે



વે મેડ નર્સિંગ કૉલેજના નવા બિલ્ડીંગના બાંધકામની શરૂઆત

### ‘પીડિતોને સાંત્વના’ અમારો હેતુ, અમારી યાત્રા

विद्या विमुक्तिदायिनी Bhaikaka University — Instilling Purpose in Healthcare — Charutar Arogya Mandal, Karamsad

Shree Krishna Hospital — HEALTHCARE WITH INTEGRITY

સંપર્ક : ૦૨૬૯૨-૨૨૮૪૧૧ / ૨૨૮૪૧૨
ગોકલનગર, કરમસદ - ૩૮૮ ૩૨૫
www.charutarhealth.org I info@charutarhealth.org